| | | | | |
|---|---|---|---|---|
| GJPM010007482026 | કેસ રજુ તારીખ: | ૨૪–૦૨–૨૦૨૬ | | |
| | કેસ નોધ્યા તારીખ : | ૨૪–૦૨–૨૦૨૬ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ : | ૧૧–૦૫–૨૦૨૬ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૨ | ૧૭ |

**Exh.- 105**

**પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે.કોર્ટ(પોકસો) અને ચોથી એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા, જિ.પંચમહાલ.**

**જજમેન્ટ તારીખ : ૧૧/૦૫/૨૦૨૬**

**સ્પે.કેસ (પોકસો)નં. ૮/૨૦૨૬**

શહેરા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૫૦૮૮૭/૨૦૨૫

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪, ૬, ૧૨, ૧૭ મુજબ.

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | (૧) રાજેશભાઇ કાનાભાઇ પગી<br>ઉ.વ.–૨૦,<br>રહે. આસુદરીયા પગી ફળિયું, તા. શહેરા,<br>જિ. પંચમહાલ.<br>(૨) વિજયભાઇ જયંતીભાઇ પગી<br>ઉ.વ.– ૨૪, ધંધો – મજુરી,<br>રહે. આસુદરીયા પગી ફળિયું, તા. શહેરા,<br>જિ. પંચમહાલ. |
| Represented by | આરોપી નં. ૧ ના વિ.વકીલ શ્રી આર.એ.હડીયેલ<br>આરોપી નં. ૨ ના વિ.વકીલ શ્રી એસ.જી.શેખ |

**FORM-B**

| | |
|---|---|
| Date of Offence | 02-10-2025 |
| Date of FIR | 04-10-2025 |
| Date of Charge sheet | 24-02-2026 |
| Date of Framing of Charges | 13-03-2026 |

| | |
|---|---|
| Date of commencement of evidence | 20-03-2026 |
| Date on which Judgment is reserved | 07-05-2026 |
| Date of the Judgment | 11-05-2026 |
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Acc-used | Name of Accu-sed | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Deten-tion Under-gone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | રાજેશભાઇ કાનાભાઇ પગી | ૨૯/૧૧/૨૫ | ૧/૫/૨૬ | બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) ,૫૪ તથા પોકસો એકટની કલમ– ૪,૬,૧૨,૧૭ મુજબ. | Acquitted | – | – |
| (૨) | વિજયભાઇ જયંતીભાઇ પગી | ૫/૧૨/૨૫ | ૩/૩/૨૬ | '' | Acquitted | – | – |

## :: ચુકાદો ::

**૧.** ધી પોકસો એકટની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી '' પોકસો એકટ '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ –૪, ૬, ૧૨,૧૭ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી

નં. ૨ ની મદદગારીથી આરોપી નં. ૧નાએ તા. ૧/૧૦/૨૫ ના રાત્રીના કલાક ૨૦–૦૦ થી તા. ૨/૧૦/૨૫ ના કલાક ૨–૦૦ દરમ્યાન મોજે શેખપુર મુકામેથી ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.–૧૫ વર્ષ, ૧૧ માસનાનીને પટાવી, ફોસલાવી, પ્રેમસંબંધ રાખી લગ્નની લાલચ આપી, શારીરીક શોષણ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી હળવદ તથા ભુજ, ચપરેડી ગામે લઈ જઈ આરોપી નં. (૧) નાએ ભોગબનનાર સાથે અવાર નવાર શરીર સંભોગ કરી ગુનો કરેલો છે.

**૪.** ભોગબનનારની માતાએ શહેરા પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ શહેરા પો.સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૭૦૬૧૨૫૦૮૮૭થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ–૪, ૬, ૧૨,૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

**૫.** આરોપીઓ હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપી ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ–૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક–૯ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨,૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરેલો અને તે મતલબની આરોપીઓની પ્લી યાને નિવેદન અનુક્રમે આંક–૧૦ તથા આંક–૧૧ થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**૬.** ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
| --- | --- | --- | --- |
| PW-1 | ૧૩ | અરવિંદભાઇ ફતાભાઇ પટેલીયા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-2 | ૧૫ | હનીફભાઇ ગુલામભાઇ શેખ | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-3 | ૧૭ | બ્રિજેશકુમાર વિક્રમસિંહ રાઠોડ | આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| PW-4 | ૨૨ | વિક્રમભાઇ અર્જુનભાઇ બારીઆ | આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ |
| PW-5 | ૨૫ | નિકુંજકુમાર બિપીનચંદ્ર પટેલ | ભોગબનનારના કપડા કબજે કર્યાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-6 | ૩૬ | રમેશકુમાર અરવિંદભાઇ ડામોર | ઇકો ગાડી કબજે કર્યાના પંચનામાના પંચ |
| PW-7 | ૩૮ | અરવિંદભાઇ અખમભાઇ પટેલીયા | ઇકો ગાડી કબજે કર્યાના પંચનામાના પંચ |
| PW-8 | ૪૦ | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-9 | ૪૩ | ડો.આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય | ગાયનેકોલોજીસ્ટ |
| PW-10 | ૪૫ | ભોગબનનારની માતા | ફરીયાદી |
| PW-11 | ૪૭ | ભોગબનનારના પિતા | સાહેદ |
| PW-12 | ૪૯ | હંસાબેન વિજયભાઇ પગી | સાહેદ |
| PW-13 | ૫૧ | ડો. ખુશ્બુ નારસીંગભાઇ ડામોર | મેડીકલ ઓફીસર |
| PW-14 | ૬૧ | એલેક્ષ બાબુભાઇ પટેલ | આચાર્ય |
| PW-15 | ૬૬ | મીનાક્ષીબેન મનુભાઇ પટેલ | તલાટી–કમ–મંત્રી |
| PW-16 | ૭૪ | અંકુર બાબુભાઇ ચૌધરી | તપાસ કરનાર અમલદાર |

## LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
| --- | --- | --- |
| 1 | Ex-14/PW-1 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 2 | Ex-18/PW-3 | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 3 | Ex-19,20,21/PW-3 | મુદામાલ કાપલીઓ |
| 4 | Ex-26/PW-5 | પંચ તરીકેનો નિમણુંક હુકમ |
| 5 | Ex-27/PW-5 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | પંચનામું |
| 6 | Ex-28 to 31/PW-5 | મુદ્દામાલ કાપલીઓ |
| 7 | Ex-32/PW-5 | ભોગબનનારે બતાવેલી ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 8 | Ex-33/PW-5 | મુદ્દામાલ કાપલી |
| 9 | Ex-37/PW-6 | ઈકો ગાડી કબજે કર્યાનું પંચનામું |
| 10 | Ex-41/PW-8 | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન |
| 11 | Ex-44/PW-9 | ભોગબનનારની ગાયનેક તપાસનો રીપોર્ટ |
| 12 | Ex-46/PW-10 | ફરીયાદ |
| 13 | Ex-52/PW-13 | ભોગબનનારની મેડીકલ તપાસણી અંગેની પોલીસ યાદી |
| 14 | Ex-53/PW-13 | ભોગબનનારની સંમતિ અંગેના કેસ પેપર |
| 15 | Ex-54/PW-13 | એફ.એસ.એલ. તપાસ માટેના નમુના સોંપ્યાની યાદી |
| 16 | Ex-55/PW-13 | ભોગબનનારનુ એમ.એલ.સી. |
| 17 | Ex-56/PW-13 | આરોપીની મેડીકલ તપાસણી અંગેની પોલીસ યાદી |
| 18 | Ex-57/PW-13 | આરોપીના સંમતિ અંગેના કેસ પેપર |
| 19 | Ex-58/PW-13 | એફ.એસ.એલ. તપાસ માટેના નમુના સોંપ્યાની યાદી |
| 20 | Ex-59/PW-13 | આરોપીનુ એમ.એલ.સી. |
| 21 | Ex-62/PW-14 | જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| 22 | Ex-63/PW-14 | અસલ વાલી સર્ટી |
| 23 | Ex-64/PW-14 | પી.આઇ. શહેરાનાઓએ લખેલ યાદી |
| 24 | Ex-65/PW-14 | વચપત્રકનો ઉતારો |
| 25 | Ex-67/PW-15 | જન્મ નોંધણી રજીસ્ટરની ખરી નકલ |
| 26 | Ex-68/PW-15 | ભોગબનનારની જન્મ તારીખની ખરાઇ કરી આપવા અંગેની યાદી |
| 27 | Ex-69/PW-15 | ભોગબનનારના જન્મનુ પ્રમાણપત્ર |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 28 | Ex-75/PW-16 | ડેપ્યુટ હુકમ |
| 29 | Ex-76/PW-16 | સુચિપત્ર |
| 30 | Ex-77/PW-16 | ફેકસ મેસેજ |
| 31 | Ex-78/PW-16 | આચાર્યશ્રીને કરેલ યાદી |
| 32 | Ex-79/PW-16 | વયપત્રકનો ઉતારો |
| 33 | Ex-80/PW-16 | સંમતિપત્ર |
| 34 | Ex-81/PW-16 | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી |
| 35 | Ex-82/PW-16 | પંચો ફાળવી ન શકાય હોવા અંગેનો પત્ર |
| 36 | Ex-83/PW-16 | પી.એસ.ઓ. શહેરાને કરેલ યાદી |
| 37 | Ex-84/PW-16 | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 38 | Ex-85/PW-16 | ભારે ગુનાનો રીપોર્ટ |
| 39 | Ex-86/PW-16 | આચાર્યને કરેલ યાદી |
| 40 | Ex-87/PW-16 | ભોગબનનારના જન્મ તારીખનો દાખલો |
| 41 | Ex-88/PW-16 | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી |
| 42 | Ex-89/PW-16 | ના. ઈજનેરએ લખેલ પત્ર |
| 43 | Ex-90/PW-16 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયેનુ નિવેદન લેવડાવવા એડી.ચીફ કોર્ટ શહેરાને કરેલ યાદી |
| 44 | Ex-91/PW-16 | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી |
| 45 | Ex-92/PW-16 | બી.એસ.એ. એકટની કલમ ૬૩(૪)(સી) અન્વયેનું પ્રમાણપત્ર |
| 46 | Ex-93/PW-16 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 47 | Ex-94/PW-16 | બી.એસ.એ. એકટની કલમ ૬૩(૪)(સી) અન્વયેનું પ્રમાણપત્ર |
| 48 | Ex-95/PW-16 | હેઝ વેલ્યુ રીપોર્ટ |
| 49 | Ex-96/PW-16 | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 50 | Ex-97/PW-16 | રવાનગી નોંધ |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 51 | Ex-98/PW-16 | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| 52 | Ex-99/PW-16 | આચાર્યને કરેલ યાદી |
| 53 | Ex-100/PW-16 | વાલી ફોર્મ |
| 54 | Ex-101/PW-16 | એફ.એસ.એલ. વડોદરાનો પત્ર |
| 55 | Ex-102/PW-16 | બાયોલોજી તથા સીરોલોજી રીપોર્ટ |

**Material Objects:**

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક સફેદ તથા આછા ગુલાબી કલરનુ શર્ટ |
| 2 | MO-2 | એક વાદળી કલરનુ જીન્સ પેન્ટ |
| 3 | MO-3 | એક ઘાટા સાહી કલરની અંડર વીયર |
| 4 | MO-4 | એક લીલા કલરની સાડી |
| 5 | MO-5 | એક પોપટી કલરનો ચણીયો |
| 6 | MO-6 | એક લાલ કલરનો બ્લાઉઝ |
| 7 | MO-7 | એક કાળા કલરની નીકર |
| 8 | MO-8 | એક વાદળી કલરની ગોદડી |
| 9 | MO-9 | એક સફેદ કલરની ઈકો ગાડી નં. જી.જે. ૩૧ એ ૩૭૫૦ |

**૭.** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૧૦૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

૮. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી આરોપી નં. ૧ નાએ વિશેષમાં જણાવેલ છે કે, કહેવાતો ગુનો તેમણે કરેલ નથી, તે નિર્દોષ છે તેમની વિરૂધ્ધ ખોટી

ફરીયાદ કરી ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આરોપી નં. ર નાએ વિશેષમાં જણાવેલ છે કે, તેમને કોઇ ગુનો કરેલ નથી તેમને ખોટી રીતે હાલના ગુનામાં સંડોવેલ છે, તે નિર્દોષ છે.

૯. આરોપી પક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઇ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષે આરોપી તરફે વિ.વકીલ શ્રી આર.એ.હડીયેલ તથા એસ.જી.શેખની મૌખિક દલીલો સાંભળી.

**૧૧.૧** વિ.એ.પી.પી. શ્રી ની દલીલ એવી છે કે, આચાર્યની જુબાનીમાં તેમની શાળાના જનરલ રજીસ્ટરની નકલ રજુ કરેલ છે અને તે મુજબ રજીસ્ટરના જનરલ અનુક્રમ નં.ર૮ર૩ ઉપર ભોગબનનારની જન્મ તા.૧ર/ર/ર૦૦૯ ની તથા ત.ક.મંત્રીની જુબાનીમાં તેમની કચેરીના જન્મ નોંધણી રજીસ્ટરની નકલ રજુ કરેલ છે અને તે મુજબ રજીસ્ટરના અનુક્રમ નં. પર ઉપર ભોગબનનારની જન્મ તા. રપ/૧૦/ર૦૦૯ નોંધવામાં આવેલી છે. પરંતું, બંને તારીખો જોવામાં આવે તો પણ ભોગબનનાર સગીર વયની થાય છે.

**૧૧.ર** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારે વિ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ લખાવેલ નિવેદનમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતી હકીકત લખાવેલી છે અને આરોપી ભોગબનનારને લઇ ગયેલ હોવાનું અને ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધેલ હોવાનું લખાવેલ છે. જેથી આંક-૪૧ ના નિવેદન થી ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થાય છે.

**૧૧.3** તેમની વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદ પક્ષે સાહેદ ડોકટરોની જુબાની જોતાં તેમણે ભોગબનનાર અને આરોપીની શારીરીક તપાસણી કરેલી અને ભોગબનનારે તેમની રૂબરૂ આપેલી હીસ્ટ્રીમાં ભોગબનનારે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતી હકીકત લખાવેલી છે અને આરોપીએ તેણીની સાથે અવારનવાર શરીરસંબંધ બાંધેલાનુ જણાવેલ છે.

**૧૧.૪** તેમની વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદ પક્ષે પંચસાહેદો તપાસ કરનાર અમલદારની જુબાની થી ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર થાય છે.

**૧૧.૫** તેમની વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં ફરીયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરી શકેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવવો જોઇએ.

**૧૨.૧** આરોપી તરફે વિ.વકીલ શ્રી ની દલીલ એવી છે કે, ભોગબનનારના માતા પિતાએ બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૨૦ વર્ષની હોવાનું જણાવેલ છે. જેથી, ફરીયાદ પક્ષ ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરી શકતો નથી અને તેથી ભોગબનનાર સગીર વયના હોવાનું પણ પુરવાર કરી શકતો નથી.

**૧૨.૨** તેમની વધુમાં એવી દલીલ છે કે, ભોગબનનાર તેમની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી નથી. ભોગબનનારે આરોપી તેણીને લઇ ગયેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલી નથી તેમજ આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલી નથી.

**૧૨.૩** તેમની વધુમાં એવી દલીલ છે કે, ભોગબનનારના માતા–પિતા બનાવના નજરે જોનાર સાહેદ નથી અને તેથી તેમની જુબાનીના આધારે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો નથી.

**૧૨.૪** તેમની વધુમાં એવી દલીલ છે કે, ડોકટરોનો પુરાવો સાંભળેલો પુરાવો છે અને ભોગબનનાર ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી નથી અને તેથી ડોકટરનો પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકતો નથી.

**૧૨.૫** તેમની વધુમાં એવી દલીલ છે કે, ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઇએ.

**૧૩.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા :–**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં. ૨ નાએ તા. ૧/૧૦/૨૦૨૫ ની રાત્રી થી તા. ૨/૧૦/૨૦૨૫ ના સવાર પહેલા કોઈપણ સમયે ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.–૧૫ વર્ષ, ૧૧ માસને ફોન કરી ઘરની બહાર બોલાવી અને ત્યાંથી આરોપીઓએ મોજે શેખપુર ગામેથી પટાવી, ફોસલાવી, આરોપી નં. ૧ ની પત્ની તરીકે રાખવાના ઈરાદે તથા શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીના વાલીની સંમતિ વગર ઇકકો ગાડીમાં અમદાવાદ, હળવદ તથા ચપરેડી ગામે લઈ જઈ આરોપી નં. ૨નાએ આરોપી નં. ૧ને મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં. ૧ નાએ તા. ૧/૧૦/૨૦૨૫ પહેલા જાતિય ઈરાદાઓથી ભોગબનનારને મોબાઈલ લઈ આપી ફોન ઉપર વાતચીત કરી તથા આરોપીઓએ એકબીજાની મદદગારીથી ભોગબનનારનું અપહરણ કરી તથા આરોપી નં. ૧ નાએ તા. ૧/૧૦/૨૦૨૫ થી તા. ૨૯/૧૧/૨૦૨૫ દરમયાન ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર સાથે ચપરેડી ગામે અવાર નવાર શારીરીક સંભોગ કરી તથા તા. ૧/૧૦/૨૫ અગાઉ ફરીયાદીના ઘરની પાછળ આવેલ ખેતરમાં અવાર નવાર શારીરીક સંભોગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા ધી પોકસો એકટની કલમ ૪,૬,૧૨,૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ ?

**૧૪.** ઉપરોકત મુદા પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

**મુદ્દા નં. ૧ અને ૨ :–**

**૧૫.** મુદ્દા નં. ૧ અને ૨ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચાનું પુનરાવર્તન ટાળવા માટે આ બંને મુદ્દાની અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

**૧૬.૧** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તે સંજોગોમાં પોકસો એકટની કલમ –ર૯ અને ૩૦ મુજબનું અનુમાન લાગુ પાડવાનું રહે છે તે સંજોગોમાં કેટલાક ચુકાદા ધ્યાને લેવા ઉચિત જણાય છે. નામદાર ગુજરાત હાઈકોર્ટએ **Ajitkumar Kumarsinh Bhagora Vs. State Of Gujarat 2020 (1) GLR 27** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 44. Although a presumption under Section 29 of the POCSO Act arises and it is presumed that the accused has committed the offence for which he is charged under the said Act, unless the contrary is proved, such a presumption cannot be absolute. Therefore, there can be no doubt about the proposition that no presumption is absolute and that every presumption is rebuttable.

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ કલમ –ર૯ નું અનુમાન ખંડનાત્મક અનુમાન છે.

**૧૬.૨** નામદાર કર્ણાટક હાઈકોર્ટે તેમના **G. S. Venkatesh S/o Narayanaswamy VS State of Karnataka [2020] 0 Supreme(Kar) 68** ના ચુકાદામાં નોંધેલ છે કે,

> 38. The use of expression "unless the contrary is proved" appearing in section 29 makes it clear that the presumption raised under this section is rebuttable. <u>A rebuttable presumption can be raised only when the foundational facts constituting the offence are established by the prosecution.</u> In a criminal trial, the burden of proving everything essential to the establishment of the charge against the accused always rests on the prosecution, as every man is presumed to be innocent until the contrary is proved. In a case where an offence is committed against a child, having regard to the very nature of the offence where it is difficult for the prosecution to prove the facts and circumstances in which the offence had taken place, the Act has cast the burden on the accused to prove the facts within his knowledge as it is easier for the innocent accused to produce evidence contrary to the case proved by the prosecution. This is called reverse burden whereby the burden is shifted to the accused to disprove the facts established by the prosecution. <u>The question of discharging the reverse burden by the accused would arise only when the initial burden cast on the prosecution is discharged to the satisfaction of the court. Therefore it follows that without the proof of basic facts constituting the offence charged against the accused, the accused cannot be called upon to disprove the case of the prosecution.</u>

આમ, નામદાર વડી અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં

ઠરાવેલ છે કે, ખંડનાત્મક અનુમાન ત્યારે જ અસ્તિત્વમાં આવે કે જયારે ફરીયાદ પક્ષ પાયાની હકીકતો પુરવાર કરે. વધુમાં, જયાં સુધી જે ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે તેની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી ફરીયાદ પક્ષની તે હકીકતો નાસાબિત કરવા આરોપીને કહી શકાય નહીં.

**૧૬.૩** આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ નું અનુમાન લાગુ કરતાં પહેલા ફરીયાદ પક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની પાયાની હકીકતો પુરવાર કરવાની રહે છે.

**૧૭.** ભોગબનનારની માતા (PW-10, Exh-45) ની જુબાની જોવામાં આવે તો, તેમની ભોગબનનાર દીકરીને તેમની સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતા તેણી તેના મામાના ઘરે જતી રહેલ હોવાનું જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપી તેમની ભોગબનનાર દીકરીને લઇ ગયેલ હોય તેવી કોઇ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઇપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી. તેમની જુબાનીથી આંક–૪૬ ની ફરીયાદ હકીકતો પુરવાર થઇ શકતી નથી. જેથી, તેમની જુબાની ઉપરથીએ પ્રસ્થાપિત થઇ શકતું નથી કે આરોપીઓ ભોગબનનારને લઇ ગયેલ છે.

**૧૮.** ફરીયાદ પક્ષે ભોગબનનારના પિતા (PW-11, Exh-47) ની જુબાની જોવામાં આવે તો, તેમની ભોગબનનાર દીકરીને તેની માતા સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતા તેણી તેના મામાના ઘરેથી ફરીયાદ આપ્યા બાદ મળી આવેલ હોવાનું જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપીઓ તેમની ભોગબનનાર દીકરીને લઇ ગયેલ હોય તેવી કોઇ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ પક્ષના કેસને કોઇપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી. જેથી, તેમની

જુબાની ઉપરથી એ પ્રસ્થાપિત થઇ શકતું નથી કે આરોપીઓ ભોગબનનારને લઇ ગયેલ છે.

**૧૯.** ફરીયાદ પક્ષના સાહેદ હંસાબેન વિજયભાઇ પગી (PW-12, Exh-49) ની જુબાની જોવામાં આવે તો, બનાવમા શું બનેલ અને બનાવ કઇ તારીખે બનેલ તેની તેમને ખબર ન હોવાનું જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપીઓ ભોગબનનારને લઇ ગયેલ હોય તેવી કોઇ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઇપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતાં નથી. જેથી, તેમની જુબાની ઉપરથી એ પ્રસ્થાપિત થઇ શકતું નથી કે આરોપીઓ ભોગબનનારને લઇ ગયેલ છે.

**૨૦.** ભોગબનનાર (PW-8, Exh-40) ની જુબાની જોવામાં આવે તો, બનાવમાં તેમની માતા સાથે ઘરકામ બાબતે બોલાચાલી થતા તેણી તેના મામાના ઘરે જતી રહેલ હોવાનુ જણાવેલ છે. ભોગબનનારની જુબાની જોવામાં આવે તો આરોપીઓ તેણીને લઇ ગયેલ હતો તેવી કોઇ હકીકત તે તેમની જુબાનીમાં જણાવતાં નથી. આ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતાં ના હોય વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમની ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવતી નથી. આમ, ભોગબનનારની જુબાનીથી એ પુરવાર થઇ શકતું નથી કે આરોપીઓ તેણીને લઇ ગયેલ હતા.

**૨૧.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપીઓ ભોગબનનારને લઇ ગયેલ હોવાનો કે ભોગબનનાર આરોપીઓ પાસેથી મળી આવેલા હોય તેવો કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**૨૨.** ભોગબનનાર (PW-8, Exh-40) ની જુબાની જોવામાં આવે તો, આરોપી નં. ૧ નાએ તેની સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત તેમની જુબાનીમાં જણાવેલી નથી. ભોગબનનારની વિ.એ.પી.પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત

નીકળી આવેલી નથી. આમ, ભોગબનનારની જુબાનીમાં આરોપી નં. ૧ નાએ તેણીની સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત જણાવતાં નથી.

**૨૩.** ફરીયાદ પક્ષે આંક-૪૧ થી બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયેનું ભોગબનનારનું નિવેદન રજુ કરેલ છે પરંતુ ભોગબનનારની જુબાની જોવામાં આવે તો આ નિવેદનથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે તેવી કોઇ હકીકત ભોગબનનાર તેમની જુબાનીમાં જણાવતાં નથી. કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ અન્વયે લેવામાં આવેલ નિવેદન તે નિવેદન લખાવનારને કોન્ટ્રાડીકટ કરવા અથવા તેને સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાય તે સિવાય અન્ય કોઇ ઉપયોગ થઇ શકતો નથી. હાલના કેસમાં ભોગબનનારની જુબાની વંચાણે લેતાં તેના સમર્થનમાં આંક-૪૧ ના નિવેદનનો ઉપયોગ થઇ શકે તેમ નથી. હાલના કેસમાં આ નિવેદનથી ભોગબનનારની જુબાનીનો વિરોધાભાષ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે પરંતું આ પુરાવો સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઇ શકાય છે. પરંતું હાલના કેસમાં કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી.

**૨૪.૧** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.ખુશ્બુ નારસીંગભાઇ ડામોર (PW-13, Exh-51)ની જુબાની મુજબ તા.૨૯/૧૧/૨૫ ના રોજ ભોગબનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે ભોગબનનારને ઘટના સંબંધીત ઈતિહાસ પુછતાં તેના કહેવા મુજબ '' ૨૦૨૦ માં આરોપીના બહેનના ઘરે આરોપી સાથે ઓળખાણ થયેલી. ફોન નંબરની આપલે થઇ અને વાતચીત ચાલુ થઇ અને અવાર નવાર મુલાકાત થતી હતી. પ્રેમ સબંધ બંધાયો. ૨૦૨૫ માં દશેરાના દિવસે આરોપીને ફોન કરીને મેં શેખપુર બોલાવેલો ત્યાંથી બંને જણા ઇકકો ગાડીમાં બેસી અમદાવાદ ગયા ત્યાં એક દિવસ ગેસ્ટ હાઉસમાં રોકાયા પછી હળવદ ગયા ત્યાં ઇકકો ગાડી બગડી ગઇ તો બસમાં બેસીને કચ્છ ભુજ ચપરેડી ગામે ગયા ત્યાં ખેતીવાડીનું કામ કાજ કરીને ગુજરાન ચલાવતા હતા લગભગ બે મહીના જેટલું રોકાયા. આ સમય

દરમ્યાન અવાર નવાર શારિરીક સબંધ બાંધતા હતા. તા.૨૮/૧૧/૨૦૨૫ ના બપોરના ત્રણ વાગે બાતમીના આધારે પોલીસ પકડી ગયેલ અને રાત્રે બે વાગે શહેરા પોલીસ સ્ટેશને હાજર કર્યા. છેલ્લો શારિરીક સબંધ એક મહીના પહેલા બાંધેલો હતો. '' આ સાહેદે જુબાની દરમ્યાન આંક– ૫૨ થી યાદી, આંક–૫૩ થી સંમતિપત્ર, આંક–૫૫ થી ભોગબનનારનું એમ.એલ.સી. રજુ કરેલ છે. આમ, આ સાહેદની જુબાની જોતાં ભોગબનનારે તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકત જણાવેલી છે.

**૨૪.૨** ફરીયાદ પક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય (PW-9, Exh-43) ની જુબાની મુજબ તા.૧/૧૨/૨૫ ના રોજ ભોગબનનારને ગાયનેક તપાસ માટે તેની સમક્ષ લાવેલા તે વખતે ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, '' આરોપી રાજેશકુમાર પગીને છેલ્લા બે વર્ષથી ઓળખુ છું અને અમારી વચ્ચે પ્રેમ સબંધ છે. મને નવરાત્રીના છેલ્લા દિવસે આરોપીએ વાત કરવાના બહાને બોલાવી અને આરોપી સાથે ગાડીમાં વિજય જયંતી, તથા હંસાબેન પગી એમ બે જણા હતા ફરવા જઇશું તેવુ કહીને મને ગાડીમાં બેસાડી અને અમદાવાદ લઇ ગયા અને ત્યાંથી હળવદ ગયા અને ત્યાંથી કચ્છભુજ ગયા ત્યાં ચપરેડી ગામમાં બે મહીના માટે રહયા આ દરમ્યાન મેં મારી મરજીથી અવાર નવાર આરોપી રાજેશ સાથે શરીર સબંધ બનાવ્યો હતો. અમને ૨૮/૧૧/૨૦૨૫ ના પોલીસ પકડી શહેરા લઇ આવી. '' આ સાહેદે જુબાની દરમ્યાન આંક–૪૪ થી ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ રજુ કરેલ છે. આમ, આ ડોકટર સાહેદની જુબાની મુજબ ભોગબનનારે તેમના રૂબરૂ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો હીસ્ટ્રીમાં લખાવેલી છે.

**૨૪.૩** આમ, મેડીકલ ઓફીસર, ડો.ખુશ્બુ નારસીંગભાઇ ડામોર (PW-13, Exh-51)ની તથા ગાયનેકોલોજીસ્ટ, ડો. આંકાક્ષા રાકેશભાઇ વૈદ્ય (PW-9, Exh-43) ની જુબાની જોતાં ભોગબનનારે તેમના રૂબરૂ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો હીસ્ટ્રીમાં લખાવેલી છે. પરંતું, ભોગબનનાર તેમની જુબાનીમાં આવી કોઇ હકીકત લખાવેલી હોવાની

હકીકતને સમર્થન કરતાં નથી. આ પુરાવો સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય પરંતું હાલના કેસમાં કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવેલો ના હોય ડોકટર સમક્ષ લખાવેલ હીસ્ટ્રી ફરીયાદ પક્ષને તેમનો કેસ પુરવાર કરવામાં મદદરૂપ થઇ શકે તેમ નથી.

**૨૫.** ફરીયાદ પક્ષના સાહેદ, ગુનાવાળી જગ્યાના પંચ, અરવિંદભાઇ ફતાભાઇ પટેલીયા (PW-1, Exh-13)ની તથા પંચ, અરવિંદભાઇ ફતાભાઇ પટેલીયા (PW-2, Exh-15)ની જુબાની જોતાં પોલીસે તેમની પંચનામામા સહી લીધેલી હોવાનુ અને તે સિવાય પંચનામાની હકીકત વિશે જાણતા ન હોવાનું જણાવે છે. આમ, આ પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની વિ.એ.પી.પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવેલ નથી. આ સાહેદોની જુબાની થી આંક–૧૪ ના પંચનામાની હકીકતો પુરવાર થઇ શકતી નથી.

**૨૬.** ફરીયાદ પક્ષના સાહેદ, આરોપીના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ, બ્રિજેશકુમાર વિક્રમસિંહ રાઠોડ (PW-3, Exh-17)ની તથા પંચ, વિક્રમભાઇ અર્જુનભાઇ બારીઆ (PW-4, Exh-22) ની જુબાની જોતાં પોલીસે તેમની પંચનામામા સહી લીધેલી હોવાનુ અને તે સિવાય પંચનામાની હકીકત વિશે જાણતા ન હોવાનું જણાવે છે. આમ, આ પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની વિ.એ.પી.પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવેલ નથી. આ સાહેદોની જુબાની થી આંક–૧૮ ના પંચનામાની હકીકતો પુરવાર થઇ શકતી નથી.

**૨૭.** ફરીયાદ પક્ષના સાહેદ, ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચનામાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ, નિકુંજકુમાર બિપીનચંદ્ર પટેલ (PW-5, Exh-25) ની જુબાનીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું અને ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું કરવામાં આવેલાની હકીકત પુરવાર થાય છે. પરંતુ આ પંચનામાથી આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ પુરાવો મળી આવેલો ના હોય આંક–૨૭

ભોગબનનાર કપડા કબજે કર્યાના પંચનામું તથા આંક–૩૨ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોથી આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેમ નથી. આંક– ૨૭ ભોગબનનારના કપડા કબજે કર્યાનું તથા આંક–૩૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું કર્યાનું પુરવાર થાય છે.

**૨૮.** ફરીયાદ પક્ષના સાહેદ, મુદ્દામાલ વાહન ઈકો ગાડી કબજે કર્યાના પંચનામાના પંચ, રમેશકુમાર અરવિંદભાઈ ડામોર (PW-6, Exh-36) તથા પંચ, અરવિંદભાઈ અખમભાઈ પટેલીયા (PW-7, Exh-38) ની જુબાની જોતાં પોલીસે તેમની પંચનામામા સહી લીધેલી હોવાનુ અને તે સિવાય પંચનામાની હકીકત વિશે જાણતા ન હોવાનું જણાવે છે. આમ, આ પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની વિ.એ.પી.પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવેલ નથી. આ સાહેદોની જુબાની થી આંક–૩૭ ના પંચનામાની હકીકતો પુરવાર થઇ શકતી નથી.

**૨૯.૧** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.ખુશ્બુ નારસીંગભાઈ ડામોર, (PW-13, Exh-51) ની જુબાની મુજબ તા. ૨૯/૧૧/૨૫ ના રોજ ભોગબનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે ભોગબનનારના શરીરેથી લોહી, નખ, લાળ, બગલાના વાળ, ગુપ્તાંગના વાળ, માથાના વાળ, ઓરલ સ્વેબના તથા સ્લાઇડ, બ્રેસ્ટ સ્વેબ, વજાઇનલ સ્વેબ અને સ્લાઇડ, યુરેથલ સ્વેબ અને સ્લાઇડ, વલ્વલ સ્વેબ તથા સ્લાઇડના નમુના લઇ એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને યાદી સાથે સુપરત કરેલ. તેમની જુબાનીમાં આંક–૫૪ થી એફ.એસ.એલ.તપાસ માટે નમુના સુપ્રત કર્યાની યાદી રજુ કરેલ છે. વધુમાં આ સાહેદની જુબાની મુજબ તા. ૨૯/૧૧/૨૫ ના રોજ આરોપી રાજેશભાઇ કાનાભાઇ પગીનાઓને મેડીકલ તપાસણી માટે લાવેલા તે વખતે આરોપીના શરીરેથી લોહી, નખ,લાળ, માથાના વાળ, બગલના વાળ, ગુપ્તાંગના વાળ, વીર્ય, ઓરલ સ્વેબ તથા સ્લાઇડ,પેનાઇલ સ્વેબ તથા સ્લાઇડ ના નમુના લઇ એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને યાદી સાથે સુપરત કરેલ. તેમની જુબાનીમાં આંક–૫૮ થી

એફ.એસ.એલ.તપાસ માટે નમુના સુપ્રત કર્યાની યાદી રજુ કરેલ છે. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમને આરોપીના તથા ભોગબનનારના શરીર ઉપર થી નમુના લીધેલા અને તે એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલા.

**૨૯.૨** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, અંકુર બાબુભાઇ ચૌધરી (PW-16, Exh-74) ની જુબાની મુજબ ભોગબનનાર અને આરોપીના શરીર ઉપર થી લેવામાં આવેલા નમુના તથા મુદ્દામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ. વડોદરાને મોકલી આપેલા. તેમની જુબાનીમાં આંક–૯૭ થી રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, આંક–૯૮ થી મુદામાલ મળ્યા અંગેની પહોંચ, આંક–૧૦૧ થી એફ.એસ.એલ. વડોદરાનો પત્ર અને આંક–૧૦૨ થી બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ રજુ થયેલ છે. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમને આરોપી અને ભોગબનનારના શરીર ઉપર થી લેવામાં આવેલ નમુના તથા મુદામાલ એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલ.

**૨૯.3** ફરીયાદ પક્ષે આંક–૯૭ થી એફ.એસ.એલ. પરીક્ષણ માટે તપાસ કરનાર અમલદારે લખેલ રવાનગી પત્રક તથા આંક–૯૮ થી મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ તથા આંક–૧૦૨ થી બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ રજુ કરેલ છે. આ દસ્તાવેજો તથા મેડીકલ ઓફીસર, ડો.ખુશ્બુ નારસીંગભાઇ ડામોર, (PW-13, Exh-51) ની જુબાની જોતાં આંક– ૧૦૨ વાળો એફ.એસ.એલ.નો બાયોલોજીક અને સીરોલોજી અહેવાલ આરોપી અને ભોગબનનારના લેવામાં આવેલ સેમ્પલના પરીક્ષણનો રીપોર્ટ છે. આંક–૧૦૨ નો રીપોર્ટ જોતાં આરોપીના કપડા ઉપર ભોગબનનારના શરીરના કોઈ અંશ મળી આવેલા નથી. ભોગબનનારના નીકર અને ચણીયા ઉપર તથા વલ્વલ, યુરેથ્રલ સ્વોબમાં 'બી' ગૃપનું રૂધિર મળી આવેલ છે. પરંતુ આરોપીનું લોહીનુ ગૃપ 'ઓ' જણાય આવે છે જયારે ભોગબનનારના લોહીનેં ગૃપ 'બી' જણાય આવે છે. તેથી ભોગબનનારના નીકર અને ચણીયા ઉપર મળી આવેલ રૂધિર ભોગબનનારનુ જ છે તેમ કહી જણાય આવે છે. ભોગબનનારના અન્ય કપડા

ઉપર આરોપીના શરીરના કોઈ અંશ મળી આવેલ નથી. આમ, ભોગબનનાર અને આરોપીના કપડા કબજે લેવામાં આવેલ અને ભોગબનનારના શરીર ઉપરથી લેવામાં આવેલ નમુનાનું પરીક્ષણ કરવામાં આવેલ પરંતું આરોપી અને ભોગબનનારના કપડા ઉપરથી આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવેલ નથી. આમ, આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સાઈન્ટીફીક પુરાવો નીકળી આવેલ નથી.

**૩૦.** ફરીયાદ પક્ષે સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.ખુશ્બુ નારસીંગભાઈ ડામોર, (PW-13, Exh-51) ની જુબાની મુજબ તા. ૨૯/૧૧/૨૫ ના રોજ સાંજના ૬-૦૦ કલાકે આરોપી રાજેશભાઈ કાનાભાઈ પગીને પોલીસ યાદી સાથે મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે આરોપીએ ઘટના સબંધીત ઈતિહાસ લખાવેલો. આ સાહેદની જુબાનીમાં આંક-૫૬ થી યાદી, આંક-૫૭ થી સંમતિપત્ર, આંક-૫૯ થી આરોપીનુ એમ.એલ.સી. રજુ થયેલ છે. આ સાહેદની જુબાની તથા આંક-૫૬ ની યાદી જોતાં આરોપીને પોલીસ લઈને આવેલી હતી એટલે કે જયારે આરોપીને ડોકટર સમક્ષ લાવવામાં આવેલ ત્યારે તે પોલીસ કસ્ટડીમાં હતો. વધુમાં, આરોપીએ લખાવેલી હીસ્ટ્રી જોવામાં આવે તો તે કબુલાત સ્વરૂપની હીસ્ટ્રી છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ - ૨૩(૨) જોવામાં આવે તો પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીએ કોઈપણ વ્યકિત સમક્ષ કરેલી કબુલાત પુરાવામાં ગ્રાહ્ય બનતી નથી. આમ, આરોપીએ પોલીસ કસ્ટડી દરમિયાન ડોકટર સમક્ષ કબુલાત સ્વરૂપની લખાવેલી હીસ્ટ્રી પુરાવામાં ગ્રાહ્ય બનતી નથી. જેથી આ હીસ્ટ્રીની હકીકતોને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ નથી.

**૩૧.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.ખુશ્બુ નારસીંગભાઈ ડામોર, (PW-13, Exh-51) ની જુબાની મુજબ આરોપી શારીરીક સંભોગ કરવા માટે સક્ષમ હતો તેમજ ગાયનેકોલોજીસ્ટ, ડો. આંકાક્ષા રાકેશભાઈ વૈદ્ય (PW-9, Exh-43) ની જુબાની મુજબ ભોગબનનારનું યોનીપટલ તુટેલું હતું. પરંતું, આ ડોકટર સાહેદોની જુબાનીમાં નીકળી આવેલ આ પુરાવો કોઈ સીધા પુરાવાની ગેરહાજરીમાં આરોપીને આ ગુનામાં સાંકળવા માટે પુરતો નથી.

**૩૨.** આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ મેડીકલ પુરાવો તથા સાયન્ટીફીક પુરાવો જોતાં આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**૩૩.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, અંકુર બાબુભાઇ ચૌધરી (PW-16, Exh-74) ની જુબાની મુજબ ફરીયાદીએ ફરીયાદ આપતા ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. તરફ મોકલેલ અને પી.એસ.ઓ.એ. ગુનો નોંધી આગળની તપાસ તેઓએ સંભાળેલ અને ભોગબનનારના પિતા, કાકા તથા અન્ય સાહેદોના નિવેદન નોંધેલ અને ફરીયાદીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ અને આરોપી તથા ભોગબનનારને પો.સ્ટાફના માણસો પકડીને તેમની સમક્ષ રજુ કરતા તેમનો હવાલો સંભાળેલ અને તેઓના નિવેદન નોંધેલ, આરોપીની અટક કરેલ અને આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવેલ, સરકારી પંચો મેળવી આરોપી તથા ભોગબનનારે બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા પંચોની હાજરીમાં કબજે કરેલ, ભોગબનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ, ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન નોંધાવવા કાર્યવાહી કરેલ, ભોગબનનારના માતા પિતાનુ વિશેષ નિવેદન નોંધેલ, મુદ્દામાલ એફ.એસ.એલ. પરીક્ષણ માટે મોકલી આપેલ, ભોગબનનારના જન્મ તારીખ અંગેના પુરાવા મેળવેલ, આરોપી વિજય જયંતીભાઇ પગીનાઓની અટક કરેલ અને સાહેદ હંસાબેનનુ નિવેદન નોંધેલ, ઇકકો ગાડી પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ, તપાસના કાગળો વંચાણે લઇ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ. આ સાહેદની જુબાનીમાં ભોગબનનારે તથા ભોગબનનારના પિતા તથા હંસાબેને તેમના રૂબરૂમાં લખાવેલ નિવેદનની હકીકતો રેકર્ડ ઉપર આવેલી છે. પરંતુ, ભોગબનનાર અને તેણીની પિતા તથા સાહેદ હંસાબેન આ હકીકતોને સમર્થન કરતાં ના હોય તેમજ ફરીયાદ પક્ષના અન્ય પુરાવા જોતાં આરોપી ભોગબનનારને લઇ ગયેલ હોય અને તેની સાથે શરીરસંભોગ કરેલો હોય તેવો

કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવતો ના હોય અને આ સાહેદની જુબાનીમાં નીકળી આવતી હકીકતોએ સમર્થનકારક પુરાવો હોય ફરીયાદ પક્ષનો કેસ પુરવાર કરવામાં તેનો સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય તેમ નથી. ભોગબનનારની માતાએ તેમના રૂબરૂમાં લખાવેલ ફરીયાદની હકીકતો રેકર્ડ ઉપર આવે છે અને તે પુરાવો સમર્થનકારક પુરાવો છે. પરંતું જયારે સાહેદ આ હકીકતોને સમર્થન કરતાં ના હોય અને અન્ય કોઇ સીધો પુરાવો રેકર્ડ ઉપર આવતો ના હોય ત્યારે આ સમર્થનકારક પુરાવો ફરીયાદ પક્ષને મદદરૂપ થઇ શકે તેમ નથી. આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને આ ગુનાની તપાસ કરેલી છે અને તેમની તપાસમાં આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ સીધો પુરાવો નીકળી આવેલો નથી.

**૩૪.** આમ, આરોપીઓ સામે ફરમાવેલ તહોમત મુજબ આરોપી નં. ૧ નાએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ હોવાની પાયાની હકીકતો ફરીયાદ પક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી અને તેથી પોકસો એકટની કલમ – ૨૯ અને કલમ –૩૦ નું અનુમાન અમલમાં આવતું નથી.

**૩૫.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો, આરોપીઓએ ભોગબનનારને લલચાવી, ફોસલાવી, તેણીના માતા–પિતાના વાલીપણામાંથી ભગાડી લઇ ગયેલ હોય તેવું પુરવાર થઇ શકતું નથી તેમજ આરોપી નં. ૧ નાએ ભોગબનનાર સાથે શરીર સંભોગ કરેલાનું પણ પુરવાર થઇ શકતું નથી.

**૩૬.** ફરીયાદ પક્ષના સાહેદ, આચાર્ય, એલેક્ષ બાબુભાઈ પટેલ (PW-14, Exh-61) ની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા. ૧૨/૨/૨૦૦૯ ની નોંધવવામાં આવેલી હોવાનુ તેમજ તલાટી–કમ–મંત્રી મીનાક્ષીબેન મનુભાઇ પટેલ (PW-15, Exh-66) ની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા. ૨૫/૧૦/૨૦૦૯ ની નોંધવવામાં આવેલી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ, આરોપીઓ ભોગબનનારને અપહરણ કરી લઇ ગયેલ હોવાનું તથા તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોવાનું પુરવાર કરી શકતો ના હોય ભોગબનનારની ઉંમર બાબતે પુરાવાની ચર્ચા કરવામાં આવેલી નથી.

**૩૭.** આમ, ફરીયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આરોપી નં.૧ નાએ તા. ૧/૧૦/૨૫ પહેલા જાતિય ઈરાદાઓથી ભોગબનનાર ઉ.વ.– ૧૫ વર્ષ ૧૧ માસને મોબાઈલ ફોન લઈ આપી, જાતીય ઈરાદાઓથી ફોન ઉપર વાતચીત કરી, આરોપી નં. ૨ નાએ તા. ૧/૧૦/૨૫ ની રાત્રી થી તા. ૨/૧૦/૨૫ ના સવાર દરમ્યાન આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનારને ફોન કરી ઘરની બહાર બોલાવી અને ત્યાંથી આરોપીઓએ મોજે શેખપુર ગામેથી પટાવી, ફોસલાવી, આરોપી નં. ૧ ની પત્ની તરીકે રાખવાના ઈરાદે તથા શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીના વાલીની સંમતિ વગર ઈકકો ગાડીમાં અમદાવાદ, હળવદ તથા ચપરેડી ગામે લઈ જઈ આરોપી નં. ૧ નાએ તા. ૧/૧૦/૨૫ થી તા. ૨૯/૧૦/૨૫ દરમ્યાન ભોગબનનાર સાથે ચપરેડી ગામે અવાર નવાર શારીરીક સંભોગ કરી તથા તા. ૧/૧૦/૨૫ અગાઉ ફરીયાદીના ઘરની પાછળ આવેલ ખેતરમાં અવાર નવાર શારીરીક સંભોગ કરી, ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા ધી પોકસો એકટની કલમ ૪,૬,૧૨,૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી, મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ '' નકારમાં'' આપવામાં આવેલ છે.

**૩૮.** સમગ્ર પુરાવો જોતાં ભોગબનનાર ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતાં ના હોય અને ભોગબનનાર સાથે કોઈ દષ્કર્મ આચરવામાં આવેલ હોય તેવું ભોગબનનાર જણાવતાં ના હોય ભોગબનનારને બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૬(૧) અન્વયે વીકટીમ કોમ્પેન્શેસન સ્કીમ હેઠળ કે પોકસો એકટની જોગવાઈઓને આધીન વળતર ચુકવવા માટે કોઈ ઉચિત કારણ જણાતું ના હોય ભોગબનનારને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ નથી.

**મુદ્દા નં. ૩ ::–**

**૩૯.** મુદ્દા નં. ૧ અને ૨ ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આખરી હુકમ ::-

૧. આરોપી નં. (૧) રાજેશભાઇ કાનાભાઇ પગી, રહે. આસુદરીયા પગી ફળિયું, તા. શહેરા, જિ. પંચમહાલ તથા (ર) વિજયભાઇ જયંતીભાઇ પગી, રહે. આસુદરીયા પગી ફળિયું, તા. શહેરા, જિ.પંચમહાલનાઓને બી. એન. એસ. એસ. ની કલમ - ૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(ર), ૮૭, ૬૪(ર)(એમ), ૬૫(૧), ૫૪ તથા ધી પોકસો એકટની કલમ ૪, ૬, ૧ર, ૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ર. આ ગુનાના કામે કબજે લેવાયેલ મુદ્ધામાલ કપડાનો અપીલ સમય વિત્યે નાશ કરવો અને કબજે લેવામાં આવેલ ઇકકો ગાડી નં. જીજે-૩૧-એ ૩૭૫૦ તેના રજીસ્ટર્ડ માલીકને પરત સોંપવી.

૩. પ્રત્યેક આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૧ ની જોગવાઇ અન્વયે રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ તા. અગીયારમી માહે-મે, સને-ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૫/ર૦ર૬
ગોધરા.

(રાકેશ જે. પટેલ )
સ્પે. જજ (પોકસો) અને
ચોથા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UID No.GJ 00833

(આર.એ.શર્મા)